# RTE એક્ટ-૨૦૦૯ અન્વયે શૈક્ષણિક વર્ષ: ૨૦૧૭-૧૮ માં નબળા અને વંચિત જૂથના બાળકોને વિનામૂલ્યે ધોરણ-૧ માં પ્રવેશની જાહેરાત

ગુજરાત સરકાર દ્વારા મફત અને ફરજીયાત શિક્ષણના અધિકાર અધિનિયમ-૨૦૦૯ ની કલમ ૧૨(૧)ક હેઠળ બિન અનુદાનિત ખાનગી પ્રાથમિક શાળાઓમાં ૨૫% મુજબ વિનામૂલ્યે ધોરણ-૧ માં નબળા અને વંચિત જૂથના બાળકોને પ્રવેશ આપવાની યોજના અમલમાં છે. જે બાળકોએ ૧ જૂન-૨૦૧૭ના રોજ પાંચ વર્ષ પૂર્ણ કરેલ હોય અને નીચે દર્શાવેલ અગ્રતાક્રમ ધરાવતા હોય તે બાળકો આ યોજના હેઠળ પ્રવેશપાત્ર બને છે.

| ક્રમ | અગ્રતાક્રમ | ક્રમ | અગ્રતાક્રમ |
|---|---|---|---|
| ૧ | અનાથ બાળક | ૨ | સંભાળ અને સંરક્ષણની જરૂરીયાતવાળુ બાળક |
| ૩ | બાલગૃહના બાળકો | ૪ | બાળ મજૂર/સ્થળાંતરીત મજૂરના બાળકો |
| ૫ | મંદબુધ્ધિ/સેરેબ્રલ પાલ્સી ધરાવતા બાળકો | ૬ | ખાસ જરૂરીયાતવાળા બાળકો/શારીરિક રીતે વિકલાંગ |
| ૭ | HIV થી અસરગ્રસ્ત બાળકો | | |
| ૮ | અનુસૂચિત જાતિ (SC) અનુસૂચિત જનજાતિ (ST): (૧) ગરીબી રેખા નીચે બી.પી.એલ.યાદીમાં કુટુંબોના બાળકોને અગ્રતા (૨)જે બાળકના માતા-પિતા/વાલી જો ગરીબી રેખા (બી.પી.એલ.યાદીમાં) આવતા ન હોય તો તેમના કિસ્સામાં શહેરી વિસ્તાર માટે રૂ.૬૮,૦૦૦/- અને ગ્રામ્ય વિસ્તાર માટે રૂ.૪૭,૦૦૦/- ની વાર્ષિક આવક મર્યાદા ધ્યાને રાખીને પ્રથમ સૌથી ઓછી આવકવાળી વ્યકિતના બાળકને પ્રવેશમાં અગ્રતા (૩) તે રીતે બીજા ક્રમમાં પ્રવેશ અગ્રતા સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગના ધોરણો પ્રમાણે રૂ.૨.૦૦ લાખ સુધીની કૌટુંબિક વાર્ષિક આવક ધરાવતા કુટુંબોના બાળકો સૌથી ઓછી આવક ધરાવતા બાળકોને પ્રવેશમાં અગ્રતા આપવામાં આવશે. | | |
| ૯ | સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગ/અન્ય પછાત વર્ગ: (૧) વિચરતી અને વિમુકત જાતીને સૌથી અગ્રીમતા આપવામાં આવશે. (૨) ગરીબી રેખા નીચે બી.પી.એલ.યાદીમાં કુટુંબોના બાળકોને અગ્રતા (૩) જે બાળકના માતા-પિતા/વાલી જો ગરીબી રેખા (બી.પી.એલ.યાદીમાં) આવતા ન હોય તો તેમના કિસ્સામાં શહેરી વિસ્તાર માટે રૂ.૬૮,૦૦૦/- અને ગ્રામ્ય વિસ્તાર માટે રૂ.૪૭,૦૦૦/-ની વાર્ષિક આવક મર્યાદા ધ્યાને રાખીને, પ્રથમ સૌથી ઓછી આવકવાળી વ્યકિતના બાળકને પ્રવેશમાં અગ્રતા આપવામાં આવશે. | | |
| ૧૦ | ક્રમ-૧ થી ૯ માં ઉલ્લેખીત વર્ગના બાળકો ઉપલબ્ધ ન થાય અને આરક્ષિત જગ્યા ખાલી થવાનો સંયોગ ઉભા થાય તેવા કિસ્સામાં: (૧) પ્રવેશ અગ્રતા સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગના અને આદિજાતિ વિભાગના ધોરણો પ્રમાણે રૂ.૨.૦૦ લાખ સુધીની કૌટુંબિક વાર્ષિક આવક ધરાવતા અનુસૂચિજાતિ અને જનજાતિના કુટુંબોના બાળકોમાંથી સૌથી ઓછી આવક ધરાવતા બાળકોને અગ્રતા (૨) સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગમાં હાલ અમલ નીતિ મુજબ રૂ.૧.૦૦ લાખ સુધીની કૌટુંબિક વાર્ષિક આવક ધરાવતા અન્ય પછાત વર્ગ/સામાજિક અને શૈક્ષણિક પછાત વર્ગના કુટુંબોના બાળકોમાં સૌથી ઓછી આવક ધરાવતા બાળકોને અગ્રતા આપવામાં આવશે. | | |

પ્રવેશ ફોર્મ ભરવા અને જમા કરાવવા સમગ્ર રાજ્યમાં ૪૫૧ સ્વીકાર કેન્દ્રો ઉભા કરવામાં આવેલ છે. તેની યાદી જિલ્લાઓના સ્થાનિક વર્તમાનપત્રોમાં પ્રસિધ્ધ થશે. જે વાલી ઓન-લાઈન પ્રવેશ ફોર્મ ન ભરી શકતાં હોય તે સ્વીકાર કેન્દ્ર પર જઈ કોરું પ્રવેશ ફોર્મ મેળવી જરૂરી વિગતો ભરી પરત આપશે તો, તેઓનું ફોર્મ સ્વીકાર કેન્દ્ર પર ઉપસ્થિત કર્મચારી દ્વારા ઓન-લાઈન ભરી આપવામાં આવશે. અન્યથા બાળકના વાલી **www.rtegujarat.org** વેબસાઈટ પર તા.૨૧/૦૨/૨૦૧૭ થી તા.૧૫/૦૩/૨૦૧૭ દરમિયાન પ્રવેશ ફોર્મ ભરી શકશે. આ અંગેની જરૂરી વિગતો વેબસાઈટ પર મૂકવામાં આવેલ છે. Online ભરેલાં પ્રવેશ ફોર્મની પ્રિન્ટ કાઢી દસ્તાવેજી પુરાવાઓ સાથે નજીકના સ્વીકાર કેન્દ્ર ખાતે તા.૨૧/૨/૨૦૧૭ થી તા.૨૦/૩/૨૦૧૭ સુધીમાં જાહેર રજા સિવાય કચેરી સમય દરમિયાન જમા કરાવવાના રહેશે. Online ફોર્મ ભરવા માટે સ્વીકાર કેન્દ્રોની મદદ લઈ શકાશે.

તા.૨૦/૨/૨૦૧૭
સ્થળ: ગાંધીનગર

ડૉ.એમ.આઈ.જોષી
પ્રાથમિક શિક્ષણ નિયામક
ગુ.રા., ગાંધીનગર.